**<u>રાજકોટના મે.૧૭માં એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં મું.રાજકોટ</u>**

**ફોજદારી કેસ નં.૫૩૯૩૮/૨૦૨૫**

**ફરિયાદી** : શ્રી સરકાર

**–: વિરૂધ્ધ :–**

**આરોપી** : દિપકભાઈ જેસીંગભાઈ જખાણીયા

**ગુન્હો : પ્રોહી. એકટની કલમ–૬૫એએ અન્વયે...**

**<u>::: ચુકાદો :::</u>**

(૧) ફરિયાદપક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપીએ ચાર્જશીટમાં જણાવ્યા મુજબનો ગુનો કરેલ છે.

(૨) આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ, આરોપીની પ્લી ગુના સબબ નોંધતા, આરોપીએ પોતાની સામેના ગુનાનો સ્વેચ્છીક એકરાર કરેલ છે અને કબૂલાત પુરસીસ અલગથી આપેલ છે. ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીએ **પ્રોહી. એકટની કલમ–૬૫એએ** મુજબનો શિક્ષપાત્ર ગુનો અત્રેની અદાલતની હકુમતમાં કરેલ છે.

(૩) આ કામના આરોપીની કબુલાત પુરશીસ તથા ગુન્હાના સંજોગો ધ્યાને લીધા. વધુમાં આરોપી જણાવે છે કે તેમનો આ પ્રથમવારનો ગુન્હો છે જે શરતચુકથી થયેલ છે, ભવિષ્યમાં તે બાબતની તકેદારી રાખશે અને તેવા પ્રકારનો કોઈ ગુન્હો કરશે નહી. તે કુંટુંબમાં કમાનાર એક જ વ્યકિત છે. આરોપી ઉપર તેના કુંટુંબના સંચાલનનો મહત્વનો આધાર છે. આરોપીના કૃત્ય બદલ તેમના પરીવારે પણ પેસીવ પનીસમેન્ટ ભોગવવી પડતી હોય છે. ભવિષ્યમાં આરોપી આવો ગુન્હો નહી કરે તેવી બાંહેધરી કોર્ટ રૂબરુ આપેલ હોય તેમજ આરોપીને સુધરવાની તક મળે તે હેતુને તથા તમામ હકીકતો અને સંજોગો ધ્યાનમાં રાખી નામદાર ગુજરાત વડી અદાલતના સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર (ક્રિમીનલ અપીલ નંબર ૪૭૭/૨૦૦૨ વિગેરે)ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમા લેતા, તેમજ આરોપીની ગુન્હા કબુલાતની પુરસીસ તથા ગુન્હાના સંજોગો ધ્યાને લેતાં આરોપીની કબુલાત સ્વીકારવાથી અને ઓછામાં ઓછી સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાય રહેશે તેમ જણાય છે. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:હુકમ:–</u>**

૧) આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ **૨૪૮(૧)** મુજબ **પ્રોહી. એકટની કલમ–૬૫એએ** મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી અને **રૂ.૨૦૦/– (અંકે રુપીયા બસો પુરા)** દંડ ફરમાવવામાં આવે છે તથા જો દંડ ના ભરે તો દીન–૨ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આ કામે બીનકીમતી મુદ્દામાલ (જો હોય તો) નો અપીલ સમય બાદ નિયમોનુસાર નિકાલ/નાશ કરવાનો રહેશે. દેશી દારુ કે તેની મળી આવેલ ગેરકાયદેસર સામગ્રીનો નાશ કરવો.

આજરોજ તારીખ ૧૩, માહે ડિસેમ્બર સને ૨૦૨૫ ના રોજ હુકમ સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યા

તારીખ ૧૩–૧૨–૨૦૨૫

સ્થળ:– રાજકોટ

**(સોહેલ અનવર મીયા શેખ)**

૧૭માં એડી. ચીફ જયુડી. મેજી.

**(GJ 0 1340)**